
નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

17



બેન્ડમ અને ટ્વીસ્ટમ પતંગનગર જાય છે

RADUGA PUBLISHERS



નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

17

અનુવાદ:દીપ્તિ રાજુ

બેન્ડમ અને ટ્વીસ્ટમ પતંગનગર જાય છે

ચિત્રો:બોરિસ કૈલાશીન



RADUGA PUBLISHERS
MOSCOW





જલ્દી કરો, જલ્દી કરો, બહાર આવો,
બે-બે અને ચાર-ચારની હરોળમાં
ઊભા થાઓ.
નાના-મોટા બધા છોકરા-છોકરીઓ,
દિવસની શરૂઆત કસરતથી કરો!

કવિ પોઝી દ્વારા લખાયેલું આ ગીત ગાતાં બેન્ડમ અને ટ્વિસ્ટમ પોતાના દિવસની શરૂઆત કરતા.
ગ્રીનવિલના રહેવાસીઓ હજુ ઊંઘમાં જ હતા, ત્યારે આ બંને કારીગરો ગીત ગાતા ગાતા અને કસરત કરતાં કરતાં રસ્તા પરથી કૂચ કરતા જઈ રહ્યા હતા.
પાછલી સાંજે તેમને ખબર પડી હતી કે છોકરીઓની મોટરગાડીનું સમારકામ કરવા માટે તેમને દવાખાનામાંથી રજા આપવામાં આવશે.
એટલે સૂર્યોદય થાય તે પહેલાં જ તેઓ પોતાનાં કપડાં પાછાં આપવાની માંગ કરવા લાગ્યા.
હનીસકલને કોઈ પણ પ્રકારનો હોબાળો બિલકુલ પસંદ નહોતો. તેથી તેણે વિચાર્યું કે આ બંનેને જેટલા વહેલા બહાર મોકલી દઈએ એટલું સારું.

અને હવે તેઓ રસ્તા પર કૂચ કરતાં કરતાં ગીત ગાઈ રહ્યા હતા, જેના કારણે ગ્રીનવિલના રહેવાસીઓ ઊંઘમાંથી જાગી ગયા.
કેટલીક છોકરીઓ શું થઈ રહ્યું છે તે જોવા બારીઓ પાસે દોડી આવી, જ્યારે બીજી બહાર નીકળી આવી.
"છોકરીઓ, તમારું ગેરેજ ક્યાં છે?" બેન્ડમે ઊંચા અવાજે પૂછ્યું.
"આવો, હું બતાવું," લાલ ટોપી અને રૂપેરી ઈયળના નરમ રૂંવાટાંવાળા કોલરવાળો વાદળી કોટ પહેરેલી એક છોકરીએ કહ્યું.
"હવે અમારે જમણી તરફ વળવું કે ડાબી તરફ?" બેન્ડમે પૂછ્યું.
"જમણી તરફ," તેમનો માર્ગ બતાવતી છોકરીએ તેમના ચામડાના જેકેટો તરફ એક નજર કરતાં જવાબ આપ્યો.
"જમણી તરફ વળો! કૂચ શરૂ!" બેન્ડમે આદેશ આપ્યો.
"ડાબો... જમણો... ડાબો... જમણો!" તે લયબદ્ધ રીતે બોલતો રહ્યો.



ટ્વિસ્ટમ એ બેન્ડમની પાછળ પગ સાથે પગ મિલાવીને કૂચ કરી રહ્યો હતો, અને તેમનો રસ્તો બતાવતી છોકરીને તેમની સાથે ચાલવામાં માંડ માંડ સફળતા મળી રહી હતી.
બેન્ડમ અને ટ્વિસ્ટમ એટલી ઝડપથી કૂચ કરતા હતા કે જ્યાં તેમને રોકાવાનું હતું તે દરવાજો પણ વટાવી ગયા.
"રોકો, રોકો!" તેમની માર્ગદર્શક છોકરીએ બૂમ પાડી. "તમે તો આગળ નીકળી ગયા!"
"પાછળ ફરી જાઓ!" બેન્ડમે આદેશ આપ્યો.
બંને તરત જ પાછા ફર્યા અને તેમની માર્ગદર્શક છોકરીએ ખોલી રાખેલા દરવાજામાંથી અંદર ગયા.
તેઓ એક આંગણામાં પહોંચ્યા, જેના છેડે નળિયાંવાળું છાપરું ધરાવતો એક શેડ હતો.
"આને તમે ગેરેજ કહો છો? આ તો બસ એક જૂનો અને જર્જરિત શેડ છે!" ટ્વિસ્ટમે ડબલ દરવાજા ખોલતાં કહ્યું.
અંદર એક મોટરગાડી ઊભી હતી.





એટલામાં બીજી કેટલીક છોકરીઓ પણ આંગણામાં આવી પહોંચી.
"આ શેડમાં તો બહુ અંધારું છે," બેન્ડમે કહ્યું. "ચાલો, ગાડીને બહાર કાઢીએ."
"પણ આ તો ચાલતી જ નથી. તે બગડી ગઈ છે," છોકરીઓએ કહ્યું.
"એમાં કંઈ વાંધો નથી. આપણે તેને ધક્કો મારીને બહાર કાઢી લઈએ. આવો, તમે પણ મદદ કરો. એક... બે... ધક્કો! એક... બે... ધક્કો!"
ચીં... ચીં... અને કરરર... એવો અવાજ કરતાં કરતાં મોટરગાડી બહાર આવી ગઈ.
થોડી જ ક્ષણોમાં બેન્ડમ અને ટ્વિસ્ટમ ગાડીની નીચે ઘૂસી ગયા, જ્યારે આશ્ચર્યચકિત થયેલી છોકરીઓ તેમની તરફ પ્રશંસાભરી નજરે જોઈ રહી હતી.
ગાડીની નીચેથી અવાજ આવવા લાગ્યા—
"હં...! ટાંકીમાંથી તો લીકેજ થાય છે."
"ટક... ટક... ટક...! એક બોલ્ટ ઢીલો છે."
"હમ્મ...! શરબતની પાઇપ ફાટી ગઈ છે!"
થોડી વારમાં બંને ગાડીની નીચેથી બહાર નીકળ્યા.



"અમને નટ-બોલ્ટ ખોલવા માટે એક પાનું, એક પક્કડ, એક હથોડી અને એક સોલ્ડરિંગ આયર્ન આપો," બેન્ડમે કહ્યું.
"અમારી પાસે તો આમાંથી એક પણ વસ્તુ નથી," છોકરીઓએ જવાબ આપ્યો.





"બધા છોકરાઓ-માઇટ તો પતંગનગરમાં રહે છે."
"શું એ અહીંથી બહુ દૂર છે?" બેન્ડમે પૂછ્યું.
"પગપાળા જશો તો લગભગ એક કલાક લાગે."
"જો તમને એક કલાક લાગે છે, તો અમને તેનાથી ઓછો સમય લાગશે. હવે અમને ત્યાં પહોંચવાનો રસ્તો જણાવો."
"આ રસ્તાના છેડે જમણી તરફ વળી જજો. પછી સીધા જ ચાલતા રહેજો. થોડે આગળ ખેતરોની વચ્ચેથી પસાર થતો રસ્તો આવશે. એ રસ્તે આગળ વધતા જશો, એટલે સીધા પતંગનગર પહોંચી જશો."
"એકદમ સ્પષ્ટ!" બેન્ડમે કહ્યું.
"કૂચ શરૂ! ... પણ થોભો અમે પાછા આવીએ ત્યાં સુધી તમે જૂનાં કપડાંના ચીંથરાં શોધીને આ ગાડીને સારી રીતે સાફ કરી રાખજો. મોટરગાડીને સ્વચ્છ અને સારી રીતે સાચવવી મને બહુ ગમે છે."
"અમે જરૂર કરીશું," છોકરીઓએ કહ્યું.



"આવજો. કૂચ શરૂ!"
એટલું કહીને બંને ત્યાંથી નીકળી પડ્યા.
રસ્તાના છેડે પહોંચતા જ બેન્ડમે ગીત ગાવાનો આદેશ આપ્યો, અને બંનેએ ઊંચા અવાજે ગાવાનું શરૂ કર્યું...

હું અને મારો મિત્ર નીકળી પડ્યાં,
ખુશીથી આગળ વધતા ગયાં.
માથે નીલું ચમકતું આકાશ,
ચારે બાજુ ડૅફોડિલના પીળાં ફૂલોના ઉજાસ.
અચાનક રસ્તા પર મળ્યો એક દેડકો,
કૂદતો કૂદતો આવતો અમારી તરફ.
અમે તો ડરીને ઘેર ભાગી ગયાં ઝડપથી,
હું સૌથી પહેલાં પહોંચ્યો, મારો મિત્ર આવ્યો પછી.



એક ગીત પૂરું થયું, પછી તેમણે બીજું ગીત ગાયું, પછી ત્રીજું.
થોડી જ વારમાં તેઓ શહેરની બહાર નીકળી ગયા અને ખેતરો વચ્ચેથી પસાર થતા રસ્તે ચાલવા લાગ્યા.
લગભગ એક કલાક જેટલું ચાલ્યા પછી, જ્યારે પતંગનગર દેખાવા લાગ્યું, ત્યારે તેમણે રસ્તાની વચ્ચે એક સોડા-પાણીની મોટરગાડી ઊભેલી જોઈ.
ગાડીમાં કોઈ બેઠું નહોતું, પરંતુ ગાડીની નીચેથી કાળા ચીકણા ગ્રીસથી ખરડાયેલા પાયજામામાં બે પગ બહાર દેખાતા હતા.
"અરે ભાઈ, ગાડીની નીચે સૂઈને તડકો ખાઈ રહ્યા છો શું?" ટ્વિસ્ટમે મજાકમાં પૂછ્યું.
એટલામાં પૈડાંની વચ્ચેથી વાંકડીયા કાળા વાળવાળું માથું બહાર આવ્યું.
"હા, હા! ગાડીની નીચે તડકો ખાઈ રહ્યો છું!" તેણે હસીને જવાબ આપ્યો.
"શું બગડ્યું છે?" બેન્ડમે પૂછ્યું.
"સમજાતું જ નથી—શરબત ઓછું છે કે સોડા-પાણી વધારે છે!" તેણે કંટાળેલા અવાજે કહ્યું.
એમ કહીને તે ગાડીની નીચેથી બહાર આવ્યો અને ગુસ્સામાં પૈડાને લાત મારી.
તેનું જૅકેટ પણ તેના પાયજામાની જેમ જ કાળા ગ્રીસથી એટલું ખરડાયેલું હતું કે જાણે ચમકતું ચામડું હોય.
લાગતું હતું કે બિચારો પોતાની સોડા-પાણીની મોટરગાડીમાં બેસવા કરતાં તેની નીચે જ વધારે સમય પસાર કરતો હતો, અને આવી ગાડીઓના માલિકો સાથે આવું ઘણીવાર બનતું જ હોય છે.
બેન્ડમ ગાડીની આસપાસ ફરી ફરીને તેને ધ્યાનથી જોવા લાગ્યો.
ઉપરથી કંઈ ખામી ન દેખાતાં તે તરત જ ગાડીની નીચે ઘૂસી ગયો.
થોડી મિનિટો સુધી તે અંદર કંઈક તપાસતો રહ્યો.
પછી બહાર આવીને માથું ખંજવાળવા લાગ્યો.
બેન્ડમ બહાર આવ્યો કે તરત જ ટ્વિસ્ટમ ગાડીની નીચે ઘૂસી ગયો.
ટ્વિસ્ટમ બહાર આવ્યો એટલે ગાડીનો માલિક અંદર ગયો.
થોડી વાર સુધી ત્રણેય વારા ફરતી ગાડીની નીચે ઘૂસતા, બહાર આવતા અને માથું ખંજવાળતા રહ્યા.
છેવટે બેન્ડમને ખરેખર ખામી શું હતી તે સમજાઈ ગઈ, અને થોડી જ વારમાં એન્જિન ફરીથી ખુશીથી ઘરઘરાટ કરવા લાગ્યું.
આનંદથી ભરાઈ ગયેલા ગાડીના માલિકે બેન્ડમ અને ટ્વિસ્ટમ સાથે હાથ મિલાવ્યો.
"તમારો ખૂબ ખૂબ આભાર," તેણે કહ્યું. "જો તમે અહીં ન આવ્યા હોત તો હું આખો દિવસ ગાડીની નીચે 'તડકો જ ખાતો' રહ્યો હોત! તમે ક્યાં જઈ રહ્યા છો? આવો, ગાડીમાં બેસી જાઓ. હું તમને રસ્તામાં જ ઉતારી દઈશ."
ત્યાર પછી બેન્ડમ અને ટ્વિસ્ટમે તેને જણાવ્યું કે તેઓ શા માટે આવ્યા હતા.



"હું તમને એક પાનાની ચાવી, એક હથોડી અને એક પક્કડ તો આપી શકું, પણ મારી પાસે સોલ્ડરિંગ આયર્ન નથી," ગાડીના માલિકે કહ્યું.
"શું તમને લાગે છે કે પતંગનગરમાં ક્યાંક સોલ્ડરિંગ આયર્ન મળી જશે?" બેન્ડમે પૂછ્યું.
“ચોક્કસ મળી જશે. આપણા પ્લમ્બર ટેપ્સ પાસે તો ચોક્કસ હશે. ચાલો, તેની પાસે જઈને પૂછીએ."
ત્યારબાદ ત્રણેય મોટરગાડીમાં બેસી ગયા.
તેઓ થોડી જ મિનિટોમાં પતંગનગરના મુખ્ય રસ્તા પરથી મોટરગાડીમાં પસાર થવા લાગ્યા.





Printed in the Union of Soviet Socialist Republics

